# ભિલોડામાં ટેકાના ભાવે મગફળી કેન્દ્ર પર ખેડુતોની નારાજગી

## સતત બીજા દિવસે મગફળી ભરેલા ૬ ટ્રેક્ટર રિજેક્ટ કર્યા અંદાજીત ૨૭૦૦ મણ મગફળી રીજેક્ટ

ભિલોડા,તા.૨૯ અરવલ્લી જીલ્લાના ભિલોડામાં ટેકાના ભાવે મગફળી કેન્દ્ર ઉપર ખેડુતોની ભારે નારાજગી જોવા મળી રહી છે.સતત બીજા દિવસે મગફળી ભરેલા ૬ ટ્રેક્ટર રિજેક્ટ કર્યા અંદાજીત ૨૭૦૦ મણ મગફળી રીજેક્ટ થઈ જતાં ખેડુતો હેરાન પરેશાન થઈ રહ્યા છે.

ગુજરાત રાજ્ય સરકારએ ટેકાના ભાવે ખરીદવામાં આવતી મગફળીના કેન્દ્રો ઉપર મગફળીની ખરીદી પ્રક્રીયામાં ખુબ જ સાવચેતી રાખી છે. ગત વર્ષે મગફળી કેન્દ્રો પર થયેલા કૌભાંડ પર દાઝેલી સરકાર મગફળીની ખરીદીમાં ગોલમાલ ન થાય તે માટે ચીવટ પુર્વક ખરીદી કરે છે. ખેડુતોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. એક બાજુ મગફળીની ખરીદી પ્રક્રીયા ધીમી હોવાનું ખેડુતોએ જણાવ્યું હતું. મગફળીનો પાક અધિકારીઓ ધ્વારા રીજેક્ટ કરવામાં આવતો હોવાની બુમરાણ ઉઠવા પામી છે. ભિલોડા મગફળી ખરીદ કેન્દ્ર પર ગ્રેડર તરીકે ફરજ બજાવતા અધિકારી ધ્વારા મગફળી ભરેલી ટ્રોલીમાં અલગ અલગ ખાડા કરી ચેકીંગ કરવામાં આવે છે. ઢેફાવાળી, કચરો, ડાળખીઓ હોય તો મગફળી રીજેક્ટ કરવામાં આવે છે. ખેડુતોને મગફળીની સફાઈ કરી લાવવાનું અધિકારીઓ કહેતાં ખેડુતોમાં નારાજગી જોવા મળી રહી છે. ખેડુતોએ જણાવ્યું હતું કે મગફળી જમીનની અંદર પાકતી હોવાથી ધુળ, ઢેફી રહેતી હોય છે તો કંઈ રીતે દુર કરવી તે સમજાતું નથી તેમ ખેડુતોએ ભારે આક્રોશ સાથે જણાવ્યું હતું.

ભિલોડા તાલુકા કિસાન સંઘ પ્રમુખ શાંમળભાઈ પટેલએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારએ મગફળીની ખરીદી બાબતે સાવચેતી જરૂરી છે પરંતુ મગફળીની ખરીદી દરમ્યાન ખેડુતોને સામાન્ય કચરાના કારણે મગફળીનો માલ રીજેક્ટ કરવામાં આવે છે તે બાબતે યોગ્ય વિચાર કરવો જોઈએ તેમ જણાવ્યું હતું પરંતુ ખેડુતો મગફળી વેચવા બાબતે છેલ્લા કેટલાક દિવસોથી હેરાન પરેશાન થઈ રહ્યા છે.મગફળીનું હોંશે હોંશે વાવેતર કરનાર જગતનો તાત ભારે નારાજ છે.

ભિલોડા મગફળી ખરીદ કેન્દ્ર ઉપર મગફળી ગ્રેડર અધિકારી તરીકે ફરજ બજાવતા ભોગીલાલ આર.ડામોરએ જણાવ્યું હતું કે આજે મગફળી ભરેલા ૫૩ ટ્રેક્ટરો આવ્યા હતા. ૩૫ મગફળીના ટ્રેક્ટરોની ખરીદી સરળતાથી કરાઈ હતી. ૫ ખેડુતો હાજર રહ્યા ન હતા.જ્યારે ૬ ટ્રેક્ટરમાં મગફળીનો પાક રીજેક્ટ કરાયો હતો. અંદાજીત ૨૭૦૦ મણ મગફળીની અંદર અતિશય ઢેફા, ડાળખીઓ, કસ્તરવાળી હોવાના કારણે રીજેક્ટ કર્યા પરંતુ મગફળીની સફાઈ થઈ ગયા બાદ ખરીદી થઈ જશે તેમ જણાવ્યું હતું. ભિલોડા તાલુકામાં ૧ ઉપર ખેડુતોએ મગફળીના વેચાણ અર્થે રજીસ્ટ્રેશન કરાવ્યુંછે. આજ દિન સુધીમાં ૧૦૧૧ ખેડુતોની મગફળીની ખરીદી સરળતાથી કરાઈ છે.આજે પણ ૧૦૦૦ થી વધુ બોરી મગફળીની ખરીદી કરી છે.



તસવીર : જીત ત્રિવેદી






# ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના ટેકનિકલ આસિસ્ટન્ટ લાંચ લેતા ઝડપાયા

ગુજરાતમાં અધિકારીઓ અને કર્મચારીઓ ભ્રષ્ટ હોવાનું ખુદ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જાહેર સરકારી સમારંભમાં સ્વીકારી સૌથી વધુ મહેસુલ વિભાગ અને ગૃહ વિભાગ સૌથી વધુ ભ્રષ્ટાચાર થતો હોવાનું જણાવ્યું હતું મુખ્યમંત્રી ના આરોપોને સાર્થક કરતી ગાંધીનગર એસીબીની ટીમે શનિવારે બપોરના સુમારે મોડાસામાં આવેલા અરવલ્લી જિલ્લા સેવા સદન માં આવેલી સબ રજિસ્ટ્રાર કચેરીની બહાર લોબી માંથી ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ પેટા વિભાગની કચેરી ના ટેકનિકલ આસિસ્ટન્ટ (વર્ગ-૩) ના કર્મચારી બળદેવભાઈ મંગળદાસ લેઉવા ને ફરિયાદી પાસેથી ૨૫૦૦ રૂપિયા રોકડા લેતો દબોચી લીધો હતો.



અરવલ્લી જીલ્લાના મોડાસાના નાગરિકે ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગર હસ્તકનું એમ.આઈ.જી. ( મીડલ ઈન્કમ ગૃપ) સ્કીમ હેઠળ મકાન બનાવ્યું હતું જે મકાનના તમામ હપ્તા ભરી દીધા હતા જેથી મકાન તેના નામે કરાવવા માટે ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગર હસ્તક એમ.આઈ.જી (મીડલ ઈન્કમ ગ્રુપ) દસ્તાવેજ માટે અરજી કરતા ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ પેટા વિભાગની કચેરી ના ટેકનિકલ આસિસ્ટન્ટ (વર્ગ-૩) ના કર્મચારી બળદેવભાઈ મંગળદાસ લેઉવા પાસે અરવલ્લી જિલ્લા સહીત ૭ જિલ્લાની જવાબદારી હોવાથી મકાન દસ્તાવેજ કરવા માટે બળદેવભાઈ મંગલદાસ લેઉવાએ મકાન માલિક પાસેથી દસ્તાવેજ કરાવવા માટે ફેરફાર રિપોર્ટ કરી આપવાના રૂ.૨,૫૦૦/- અને ત્યારબાદ દસ્તાવેજ કરી આપવાના રૂ.૫,૦૦૦/- અલગથી માંગણી કરતા સમસમી ઉઠેલા મકાન માલિકે લાંચિયા કર્મચારીને પાઠ ભણાવવા ગાંધીનગર એસીબીનો સંપર્ક કરતા ગાંધીનગર એસીબીના પી.આઈ. આર.એન પટેલ, પી.એસ.આઈ એસ.બી. કુંપાવત અને તેમની ટીમે છટકું ગોઠવી શનિવારે બપોરે ૧:૩૦ વાગ્યાના સુમારે મોડાસામાં આવેલા અરવલ્લી જિલ્લા સેવા સદનમાં આવેલી સબ રજિસ્ટ્રાર કચેરીની બહાર લોબીમાંથી મકાન માલિક પાસેથી મકાનનો ફેરફાર રિપોર્ટ કરી આપવાના અવેજ પેટે રૂ.૨૫૦૦/-ની લાંચ લેતો રંગે હાથે દબોચી લેતા લાંચિયા કર્મચારીના હોશ ઉડી ગયા હતા જિલ્લા સેવા સદનમાં થયેલી એસીબીની ટ્રેપ એટલી ગુપ્ત રીતે કરવામાં આવી હતી કે સેવાસદનના અધિકારી કે કર્મચારીને ગંધ સુદ્ધાં આવી ન હોતી.



તસવીર : સંજય રાવલ

### આજ ઠંડ જ્યાદા હે નહી ખેલના હે બાબા...

ઠંડીનો પારો તેજ થતાં મનુષ્યથી લઈને પશુ-પંખીઓ સૌ કોઈ ઠંડીથી બચવા અવનવા નુસખા અપનાવે છે. ત્યારે પ્રાંતિજ ખાતે પણ ઠંડીનો પારો ઉપર જતાં ઠંડીથી બચવા માટે ત્રણ ગલુડિયા ઘર આગળ બનાવેલ ચુલામાં એક બીજા સાથે ભેટીને મસ્ત નિંદ્રા માણી રહ્યાં છે અને એક બીજાને સંકેત કરે છે કે આજ ઠંડ જ્યાદા હે નહીં ખેલના હે બાબા..!

# ઈટાવડી પંચાયતને તાળાબંધીનો કાર્યક્રમ મુલત્વી રખાયો

## મામલતદાર અને ટીડીઓએ મૌખિક ખાતરી આપી તપાસ કરવાની હૈયાધારણ આપી

હિંમતનગર, તા. ૨૯ વિજયનગર તાલુકાના ઈટાવડી પંચાયતના સરપંચ તથા અન્ય પદાધિકારીઓએ વિકાસ કામોમાં કરેલા ભ્રષ્ટ્રાચાર અંગે તપાસ કરવા માટે ગ્રામ સમિતિએ કરેલી લેખિત રજુઆતોનું સંતોષકારક પરીણામ ન મળતા ઈટાવડી પંચાયતને તા. તા. ૨૯ ડિસેમ્બરના રોજ તાળાબંધી કરવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ તાલુકા વિકાસ અધિકારી અને મામલતદારે શુક્રવારે ઈટાવડી ગામે આવી ગ્રામસમિતિના અગ્રણીઓ સાથે ચર્ચા કરી ભ્રષ્ટ્રાચાર અંગે તપાસ કરવા માટે મૌખિક ખાતરી આપતા તાળાબંધીનો કાર્યક્રમ મુલત્વી રખાયો છે.

આ અંગે ગ્રામ સમિતિ વતી અજયભાઈ પટેલના જણાવાયા મુજબ ઈટાવડી પંચાયતમાં ચુંટાયેલા સરપંચ અને સદસ્યોની મિલીભગતને કારણે સરકારની ગ્રાન્ટમાંથી થયેલા વિકાસ કામોમાં આ પદાધિકારીઓએ નર્યો ભ્રષ્ટ્રાચાર કરીને કામમાં વેઠ ઉતારી છે. જેના કારણે રોડ રસ્તાના તથા બોરની મોટર અને અન્ય ખરીદીમાં કોઈ માપદંડ સચવાયા નથી. જેના લીધે ગામના લોકોને અન્યાય થઈ રહ્યો છે.

આ અંગે ગ્રામજનોએ અગાઉ અનેક લેખીત રજુઆતો તથા ઓનલાઈન કાર્યક્રમમાં ફરીયાદ કરવા છતાં કોઈ તપાસ કરાઈ નથી. જેથી ગ્રામસમિતિ દ્વારા થોડા દિવસ અગાઉ સાબરકાંઠા કલેક્ટરને લેખિત રજુઆત કરી તંત્ર દ્વારા તપાસ થાય તે માટે તા. ૨૯ ડિસેમ્બરના રોજ ઈટાવડી પંચાયતને તાળાબંધી કરવાની ચિમકી આપી હતી. દરમ્યાન આ દિવસે એટલે કે શુક્રવારે નાયબ ડીડીઓ, તાલુકા વિકાસ અધિકારી અને સ્થાનિક મામલતદારે ઈટાવડી ગ્રામ સમિતિના સભ્યો સાથે ચર્ચા કરી હતી. જેને લીધે ગ્રામ સમિતિએ આપેલા ગ્રામ પંચાયતને તાળાબંધી કરવાનો કાર્યક્રમ મુલત્વી રખાયો છે. જોકે આગામી ૧૫ દિવસમાં અધિકારીઓએ આપેલી ખાતરી બાદ જો સંતોષકારક પરીણામ નહી મળે તો ગ્રામજનો દ્વારા ફરીથી આંદોલન કરવાની ચિમકી અપાઈ હતી.

# મોડાસાના દોલપુરના ગ્રામજનો ત્રણ મહિનાથી સસ્તા અનાજનો જથ્થો ન મળતા કલેક્ટર કચેરીએ હોબાળો

સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા રેશનકાર્ડ ધારકોને સરકારે ફાળવેલા અનાજ, તેલ, ખાંડ કેરોસીનનો પુરેપુરો જથ્થો મળી રહે તે માટે અને સસ્તા અનાજના જથ્થાનું થતું બારોબારીયું અટકે તે માટે રાજ્યભરમાં ઓનલાઈન સુવિધા ઉપલબદ્ધ કરાવી છે તેમ છતાં કેટલાક સસ્તા અનાજ દુકાન ધારકો ગેરરીતિ આચરી ગરીબોનો જથ્થો અધિકારીઓ અને કર્મચારીઓની મીલીભગતથી બરોબર સેરવી લેતા હોવાના અનેક કિસ્સા બહાર આવી રહ્યા છે. ત્યારે મોડાસા તાલુકાના દાલપુર ગામે સસ્તા અનાજના દુકાનદારે ત્રણ મહિનાથી રાશનનો જથ્થો મળેલ નથી હોવાનું જણાવી વિતરણ ન કરતા ગરીબોની હાલત કફોડી બનતા જીલ્લા કલેક્ટર કચેરીએ હોબાળો કરી જથ્થો ઝડપથી વિતરણ કરવામાં આવેની માંગ સાથે મામલતદારને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી.

મોડાસા તાલુકાના દોલપુર ગામમાં ૩૦૦થી વધુ પરિવારો વસવાટ કરે છે. ગામમાં આવેલી સસ્તા અનાજની દુકાનના માલિક વિજયભાઈ ભીખાભાઈ રાવળે તા.૧-૧૦-૨૦૧૮ થી ૧-૧૨-૨૦૧૮ સુધીના ત્રણ મહિનાનો સસ્તા અનાજનો જથ્થો વિતરણ ના કરતા ગ્રામજનોની હાલત દયનિય બનતા અને દુકાનદારને રજુઆત કરતા આગળથી જથ્થો નથી આવ્યો તો તમને ક્યાંથી આપું ઉદ્ધતાઈ પૂર્વક વર્તન કરતા છેલ્લી તારીખે છેલ્લા દિવસે આવી પહોંચ્યા છો કહી હડધૂત કરતાં ગ્રામજનો સમસમી ઉઠ્યા હતા. શનિવારે મોટી સંખ્યામાં ત્રણ મહિનાના સસ્તા અનાજના જથ્થાની માંગ સાથે જીલ્લા કલેક્ટર કચેરીએ હોબાળો મચાવી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવા પહોંચતા કલેક્ટર હાજર ન હોવાથી મામલતદારને આવેદનપત્ર આપી દુકાનદાર સામે પગલાં ભરવાની માંગ સાથે યોગ્ય માંગ કરી હતી.



તસવીર : મેહુલ જોષી

**શામળાજી પોલીસે જાબ ચીતરીયા ગામેથી**

# ૪.૫૫ લાખનો અને મોડાસા રૂરલ પોલીસે રિક્ષામાંથી વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૨૯ અરવલ્લી જીલ્લાના બુટલેગરોએ ૩૧ ફર્સ્ટની ઉજવણી માટે માતબર વિદેશી દારૂ અને બિયરના જથ્થાનો સ્ટોક કરી લીધો છે. શામળાજી પોલીસે બાતમીના આધારે ભિલોડા તાલુકાના જાબ ચીતરીયા ગામના સ્થાનિક બુટલેગર ઘરે રેડ કરી રૂ.૪૫૫૨૫૦નો વિદેશી દારૂ જપ્ત કરી પોલીસ રેડ જોઈ નાસી છૂટેલા બુટલેગરને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મોડાસા રૂરલ પોલીસે રાજેન્દ્રનગર ચોકડી નજીક સી.એન.જી રિક્ષામાં સંતાડીને લઈ જવાતો ૩૦ હજારનો દારૂ ઝડપી જુહુપુરા ફતેહવાડીના ચાલક સોહેલ કાસમ મન્સૂરીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી ધરી હતી.



શામળાજી પી.એસ.આઈ. એમ.પી. ચૌહાણને જાબ ચીતરીયા ગામના રહીશ રૂપસિંગ શકરાભાઈ નિનામાએ થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો આયાત કરી ઘરમાં સંતાડી રાખ્યો હોવાની બાતમી મળતા શુક્રવારે રાત્રીના સુમારે પોલીસ ટીમ સાથે રેડ કરી ઘરમાં સંતાડી રાખેલી, ઘર આગળ પાર્ક કરેલી સેવરોલેટ ટ્રાવેરા ગાડી (ગાડી.નં.જીજે-૦૯-બીબી-૮૨૬૯) માંથી અને ઘર નજીક ખેતરમાં સંતાડી રાખેલો ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારૂ/બિયરની પેટી નંગ-૧૨૦ બોટલ/ ટીન કુલ.૧૭૦૨ કીં. રૂ. ૪૫૫૨૫૦નો જથ્થો જપ્ત કરી ટ્રવેરા ગાડીની કીં. રૂ ૨૦૦૦૦૦ મળી કુલ રૂ. ૬૫૫૨૫૦નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસ રેડ જોઈ નાસી છૂટનાર રૂપસિંગ શકરાભાઈ નિનામા વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મોડાસા રૂરલ પોલીસે રાજેન્દ્રનગર ચોકડી પાસેથી બાતમીના આધારે સી.એન.જી. રિક્ષામાં ડ્રાઈવર સીટ નીચે અને પાછળની સીટમાં સંતાડી રાખેલો વિદેશી દારૂની બોટલ નંગ-૬૦ કીં. રૂ.૩૦૦૦૦થતા રિક્ષાની કીં. રૂ.૧૫૦૦૦૦ મળી કુલ રૂ. ૧૮૦૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી સોહીલ કાસમ મન્સૂરી (રહે, જુહાપુરા ફતેહવાડી કેનાલ,



અમદાવાદ, મૂળ રહે,ગુ.હા.બોર્ડ દહેગામ)ની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દઈ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## પી.એચ.ડીની પદવી પ્રાપ્ત કરી

શ્રી પટેલ (ચૌધરી) શંકરલાલ. વી (અધ્યક્ષ ઈતિહાસ વિભાગ આદર્શ આર્ટ્સ કોલેજ



દિયોદર)એ ઈતિહાસ વિષયમા ડૉ કે. જી. પટેલ (અધ્યક્ષ એમ. એન. કોલેજ વિસનગર)ના માર્ગદશન હેઠળ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. પ્રિ. ડૉ એલ. એસ. પટેલ આર્ટ્સ કોલેજ પાટણ, ડૉ એન. જે પરીખ આર્ટ્સ કોલેજ કડી, ડૉ હરેશ. કે પંચાલ નવજીવન આર્ટ્સ એન્ડ કૉમસ કોલેજ દાહોદ, ડૉ માનસિંહ. એમ. ચૌધરી સરકારી વિનિયન કોલેજ સાંતલપુર, ડૉ મંયક. ટી. બારોટ (સેનેટ મેમ્બર હેમચંદ્રાચાર્ય ગુ. યુનિ.) બી. ડી. એસ આટસ કોલેજ પાટણે શુભેચ્છાઓ પાઠવેલ.

## સારોલી સ્કૂલમાંથી વિદ્યાર્થી ગુમ થતા ફરીયાદ

વિજયનગર તાલુકાના સારોલી ગામે આવેલ સ્કૂલમાં ભણતો એક વિદ્યાર્થી ૧૦ દિવસ અગાઉ ગુમ થતા તેના પિતાએ તે અંગે તપાસ કરવા છતાં મળી ન આવતા તે અંગે શુક્રવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં પુત્ર ગુમ થયાની ફરીયાદ નોંધાવી હતી.

ખોખરા ગામના નારણભાઈ મરતાજી ખરાડીએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેમનો પુત્ર અજયકુમાર ખરાડી સારોલી ગામે આવેલ સેન્ટ મેરીસ સ્કૂલમાં ભણે છે. દરમ્યાન તે ગત તા. ૨૧ ડિસેમ્બરના રોજ કોઈ ગુનાહીત બનાવથી ચાલુ શાળામાંથી કોઈને કિધા વગર જતો રહ્યો હતો.

## પ્રાંતિજ ખાતે બાર એસોસીએશનની વાર્ષિક બેઠક યોજાઈ

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ સિવિલ એન્ડ ક્રીમીનલ બાર એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભા મળી હતી. જેમાં એસો.ના નવા પ્રમુખ સહિત હોદ્દેદારોની સર્વાણુમત્તે નિમણુંક કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે યોગેશકુમાર એન. રાવલ, ઉપપ્રમુખ સુરેન્દ્રકુમાર દયારામ પંડ્યા, સેક્રેટરી ઝંખનાકુમારી બચુભાઈ રાવલ, જો. સેક્રેટરી રમેશજી જે. ડાભી, ખજાનચી કમલેશકુમાર એન. પટેલ, લાયબ્રેરી સેક્રેટરી નરેશકુમાર ભીખાભાઈ ચૌહાણ સહિતની ચાલુ સાલ માટે સર્વાણુમત્તે નિમણુંક કરવામાં આવતાં વકીલોમા ખુશીનો માહોલ જોવા મલ્યો હતો.